પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૬ | ૨૬ ઓગસ્ટ, ૨૦૨૧, ગુરૂવાર; શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## રાહત : ડેલ્ટા પ્લસ વેરિયન્ટથી ત્રીજી લહેરની શક્યતા નહિવત : નિષ્ણાતો

**કોરોનાની ત્રીજી લહેરને લઈને લોકોમાં ભારે ચિંતામાં રાહતના સમાચાર : સપ્ટેમ્બરની મધ્યમાં ત્રીજી લહેર અંગે જાણી શકાશે, એનઆઈડીએમના નિષ્ણાતો દ્વારા થર્ડ વેવને પહોંચી વળવાની તૈયારી અંગે ચર્ચા કરવામાં આવી**



બેંગલુરુ, તા.૨૫

કોરોનાની ત્રીજી વેવ આવશે કે નહીં તેને લઈને લોકો ચિંતિત છે. આ વિષેના અલગ-અલગ અંદાજોમાં ત્રીજી વેવ સપ્ટેમ્બર-ઓક્ટોબર દરમિયાન આવે તેવી શક્યતા વ્યક્ત કરાઈ હતી. આ ઉપરાંત, ત્રીજી લહેરમાં સૌથી વધુ ખતરો બાળકોને હશે તેવું પણ કેટલાક એક્સપર્ટ્સનું માનવું છે. જોકે, સવાલ એ છે કે શું ખરેખર ત્રીજી લહેર આવવાની છે, અને જો આવશે તો તેની પાછળનું કારણ શું હશે ? એક તરફ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (એનઆઈડીએમ)ના હાલના રિપોર્ટમાં ડેલ્ટા પ્લસ વેરિયંટથી ત્રીજી વેવ આવશે કે કેમ તે અંગે શંકા વ્યક્ત કરાઈ હતી. ત્યારે એક સમયે દેશના સૌથી વધુ એક્ટિવ કેસ ધરાવતા રાજ્યોમાંના એક કર્ણાટકના એક્સપર્ટ્સ માની રહ્યા છે કે ડેલ્ટા પ્લસ વેરિયંટથી થર્ડ વેવ આવવાની શક્યતા ઘણી ઓછી છે.

એનઆઈડીએમના રિપોર્ટ, 'કોવિડ-૧૯ થર્ડ વેવ પ્રીપરેડનેસઃ ચિલ્ડ્રન્સ વર્નેબિલિટી એન્ડ રિકવરી'માં થર્ડ વેવને પહોંચી વળવાની તૈયારી અંગે ચર્ચા કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



જય સોમનાથ - પાવન શ્રાવણ મહિનામાં પ્રથમ જ્યોર્તિલીંગ સોમનાથ મંદિરે મહાદેવને રોજેરોજ અલગ-અલગ શ્રૃંગાર કરાય છે... બુધવારે મહાદેવને તલનો નયનરમ્ય શ્રૃંગારે ભાવિકોના મન મોહી લીધા હતા... શ્રાવણ મહિનામાં હજારો ભાવિકો પ્રત્યક્ષ અને ઓનલાઈન સોમનાથ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવે છે...

## સેન્સેક્સ સામાન્ય ગિરાવટ સાથે બંધ

**શરૂઆતના કારોબારમાં સેન્સેક્સે ૫૬,૧૯૮.૧૩ પોઈન્ટના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરને સ્પર્શી લીધો હતો : બજાજ ફિનસર્વ, ટાઈટન અને મારુતિના શેરો ગગડ્યા**

મુંબઈ, તા.૨૫

સ્થાનિક શેર બજાર બુધવારે ખૂબજ વધુ ઊતાર-ચઢાવની વચ્ચે સપાટ બંધ થયું. બીએસઈના ૩૦ શેરો પર આધારિત સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ ૧૪.૭૭ પોઈન્ટ એટલે કે ૦.૦૩ ટકાની ગિરાવટ સાથે ૧૫,૯૪૪.૨૧ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો. જોકે, શરૂઆતના કારોબારમાં સેન્સેક્સે ૫૬,૧૯૮.૧૩ પોઈન્ટના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરને સ્પર્શી લીધો હતો.

બીજી બાજુ એનએસઈ નિફ્ટી ૧૦.૦૫ પોઈન્ટ એટલે કે ૦.૦૬ ટકાની તેજી સાથે ૧૬,૬૩૪.૬૫ પોઈન્ટના સ્તર પર બંધ તયો. નિફ્ટી પર અદાણી પોર્ટ્સ, એચડીએફસી લાઈફ, હિંદાલ્કો, ઓએનજીસી અને કોલ ઈન્ડિયાના શેર સ્રવાદિક ઊછાળા સાથે બંધ થયા.

બીજી બાજુ નિફ્ટી પર બજાજ ફિનસર્વના શેર ૨.૯૩ ટકાની તૂટ સાથે બંધ થયા. આ ઉપરાંત ટાઈટન અને મારુતિના શેરોમાં પણ ખૂબજ વધુ તૂટ જોવા મળી. બીએસઈ સેન્સેક્સ પર બજાજ ફિનસર્વના શેર સર્વાધિક ૩.૫૧ ટકા, ટાઈટનના શેરમાં ૨.૦૮ ટકા, મારૂતિના શેરમાં ૧.૩૬ ટકાની તૂટ જોવા મળી. આ ઉપરાંત ભારતી એરટેલના શેરમાં ૧.૧૯ ટકા, ટાટા સ્ટીલના શેરમાં ૧.૦૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટના શેરમાં ૦.૯૩ ટકા, એક્સિસ બેંકના શેરમાં ૦.૯૨ ટકા અને લાર્સન એન્ડ ટૂબ્રોના શેર ૦.૯૦ ટકાની ગિરાવટ સાથે બંધ થયા.

## કાબુલથી ભારત પરત આવેલ ૭૮ લોકોમાંથી ૧૬ને કોરોના

**તમામ લોકોમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા નથી : કાબૂલથી પવિત્ર ગુરુગ્રંથ સાહિબની ૩ નકલો લઈને પાછા ફરેલી ત્રણ ગ્રંથી પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા**

નવી દિલ્હી,તા.૨૫

અફઘાનિસ્તાનથી રેસ્ક્યૂ કરીને ભારત પાછા લાવવાનું મિશન સતત ચાલુ છે. મંગળવારે અફઘાનિસ્તાનથી દિલ્હી પાછા ફરેલા કુલ ૭૮ લોકોમાંથી ૧૬ લોકો કોરોના પોઝિટુવ નીકળ્યા છે. મળતી માહિતી મુજબ કાબુલથી પવિત્ર ગુરુગ્રંથ સાહિબની ૩ નકલો લઈને પાછા ફરેલી ત્રણ ગ્રંથી પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. જો કે રાહતની વાત એ છે કે આ તમામ લોકોમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા નથી. કોરોના વાયરસનો રિપોર્ટ આવ્યા બાદ તમામ ૭૮ લોકોને હાલ ક્વોરન્ટિન કરવામાં આવ્યા છે. અત્રે જણાવવાનું કે કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી અને અન્ય નેતાઓ, અધિકારીઓ પણ આ તમામના સંપર્કમાં આવ્યા હતા.



● અનુસંધાન પાન-૭ પર

## જી-૭ દેશોની અફઘાન સંદર્ભે બેઠકમાં ૫ મુદ્દાનો પ્લાન ઘડાયો

**અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકાર બનાવવાની તૈયારીમાં : કેનેડાએ કહ્યું તાલિબાન આતંકી સંગઠન છે અને તેને માન્યતા મળવી જોઈએ નહીં, પ્લાન અનુસાર ફસાયેલા લોકોને બહાર કાઢવાને પ્રાથમિકતા**

નવી દિલ્હી,તા.૨૫

કાબુલમાં તાલિબાન પોતાની નવી સરકારની જાહેરાત કરવાના ફાઈનલ રાઉન્ડમાં છે. બીજી બાજુ અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજાને લઈને મંગળવારે જી-૭ દેશોની મહત્વની બેઠક થઈ. આ બેઠકમાં ૫ મુદ્દાનો પ્લાન પણ તૈયાર કરાયો. બીજી બાજુ તાલિબાને ૩૧ ઓગસ્ટ સુધી વિદેશી સેનાઓને અફઘાનિસ્તાન છોડવાની ચીમકી પણ આપી દીધી છે.

જી-૭ બેઠકમાં પાંચ મુદ્દાના પ્લાનનો પહેલો પોઈન્ટ છે અફઘાનિસ્તાનમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા. બીજો પોઈન્ટ છે આતંકનો ભોગ બનેલા લોકોની મદદ કરવી. ત્રીજો પોઈન્ટ છે માનવતાના આધારે અફઘાન લોકોની મદદ કરવી. ચોથો પોઈન્ટ છે અફઘાનિસ્તાનના લોકોની કાનૂની રૂટથી સુરક્ષિત જગ્યાએ પહોંચાડવા. અને પાંચમો પોઈન્ટ છે અફઘાનિસ્તાનમાં નવી સરકાર સાથે ડીલ કરવાની સ્પષ્ટ નીતિ બનાવવી. તાલિબાને ૩૧ ઓગસ્ટ સુધીમાં વિદેશી સેનાઓને અફઘાનિસ્તાન છોડવા જણાવી દીધુ છે. આ નિવેદનને તાલિબાનની વોર્નિંગ તરીકે જોવામાં આવી રહ્યું છે. મંગળવારનો દિવસ અફઘાનિસ્તાન માટે ખુબ મહત્વનો રહ્યો.



મંગળવારે તાલિબાનનું ગનતંત્ર, તાલિબાની રાષ્ટ્રપતિની રેસ અને જી-૭માં મંથન એટલે કે પહેલું તો એ કે અફઘાનિસ્તાન પર તાલિબાનો કસાતો સકંજો, બીજુ, અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારના મુખિયાને લઈને ચાલી રહેલો બેઠકનો અંતિમ દોર, ત્રીજુ અફઘાનિસ્તાનમાં તાલિબાન રાજને લઈને જી-૭ની ઈમરજન્સી બેઠક. જો કે તાલિબાનની વોર્નિંગ પર દુનિયાનું જે રિએક્શન આવ્યું છે અને કાબુલથી જે તસવીરો પણ સામે આવી છે તે જોતા સ્પષ્ટ છે કે ૩૧ ઓગસ્ટ બાદ પણ અફઘાનિસ્તાનમાં નાટો સેના હાજર રહેશે. આ બધા વચ્ચે કાબુલમાં તાલિબાનના ટોપ લીડર મુલ્લા બરાદર સાથે અમેરિકી ગુપ્તચર એજન્સી સીઆઈએના ડાયરેક્ટરની મુલાકાત થઈ.

## અફઘાનના પૂર્વ આઈટી મંત્રી પિઝાની ડિલિવરી કરે છે

બર્લિન, તા.૨૫

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબ્જા બાદ ત્યાંના નાગરિકોમાં જ નહીં પણ નેતાઓમાં પણ દહેશત જોવા મળી રહી છે.

રાષ્ટ્રપતિ સહિતના પૂર્વ સરકારના ઘણા મંત્રીઓ અફઘાનિસ્તાન છોડી ગયા છે અને બીજા દેશોમાં શરણ લઈ રહ્યા છે. એટલે સુધી કે અફઘાનિસ્તાનના પૂર્વ આઈટી મંત્રી સૈયદ અહેમદ શાહ જર્મનીમાં શરણ લઈને રહી રહ્યા છે અને હવે આજીવીકા માટે પિઝા ડિલવરી કરવાની નોકરી કરી રહ્યા છે.

## ત્રીજી લહેરમાં બાળકો પર ઓછી અસર રહેવાનો દાવો

**જે પરિવારમાં વૃદ્ધોનું રસીકરણ થયું છે અને પરિવારના બાળકો કોમોર્બિડ નથી તો તેમણે ચિંતાની જરૂર નથી**

કાનપુર, તા.૨૫

કોરોનાની ત્રીજી લહેરને લઈને તમામ દાવા કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન કાનપુર આઈઆઈટીના વૈજ્ઞાનિક પ્રોફેસર મનિન્દ્ર અગ્રવાલે દાવો કર્યો છે કે મહામારીની ત્રીજી સંભવિત લહેરની બાળકો પર અસર ઘણી ઓછી રહેશે. પ્રોફેસર મનિંદર અગ્રવાલે આની પાછળ પોતાની સ્ટડીમાં બે કારણ બતાવ્યા છે.

પહેલુ કારણ બતાવતા પ્રોફેસર અગ્રવાલે દાવો કર્યો છે કે હજુ સુધી બાળકોમાં જે સંક્રમણ સામે આવ્યુ છે તે ઘણુ સામાન્ય છે. જે તેમની પર વધારે અસર કરતુ નથી. આની પાછળ તેમણે સીરો સર્વેના પરિણામોનો હવાલો આપ્યો છે. તેમનુ કહેવુ છે કે બાળકોમાં ઈમ્યુનિટી ઘણી સારી હોય છે. બીજુ કારણ એ છે કે ઈમ્યુનિટીનુ સ્તર ઘણુ સારૂ હોય છે.

ખાસ કરીને જે પરિવારમાં મોટા વૃદ્ધોનું રસીકરણ થઈ ચૂક્યુ છે અને પરિવારના બાળકો કોમોરબિડ નથી તો તેમણે ચિંતા કરવાની જરૂર નથી. તેમના બાળકો સંક્રમિત તો થશે પરંતુ આ પરિવારમાં ફેલાશે નહીં. બીજા બાળકો પર આની કોઈ ખાસ અસર થશે નહીં.

## ભારત વિશ્વમાં બીજું સૌથી પસંદગીનું ઉત્પાદન હબ બન્યું

**કોરોનાના કપરા સમયમાં પણ ભારતની સિદ્ધિ**

નવી દિલ્હી, તા.૨૫

કોરોનાના આ સમયમાં ભારતે અમેરિકાના મેન્યુફેક્ચરિંગને પણ પાછળ ધકેલી દીધુ છે. જાણકારી અનુસાર, ભારતે અમેરિકાને ત્રીજા નંબરે ધકેલ્યુ છે. રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ કુશમેન એન્ડ વેકફિલ્ડ અનુસાર ચીન બાદ ભારત દુનિયાનુ બીજુ સૌથી પસંદગીનું ઉત્પાદન હબ બની ગયુ છે. વૈશ્વિક વિનિર્માણ જોખમ સૂચકાંક-૨૦૨૧માં ચીન પહેલા સ્થાને છે. યુરોપ, અમેરિકા અને એશિયા-પ્રશાંતના ૪૭ દેશમાં વૈશ્વિક વિનિર્માણ માટે આકર્ષક ડેસ્ટિનેશનનુ આકલન કરે છે. અધિક માગવાળા મેન્યુફેક્ચરિંગ ડેસ્ટિનેશનમાં કેનેડા ચોથા, ચેક ગણરાજ્ય પાંચમા, ઈન્ડોનેશિયા છઠ્ઠા સ્થાને છે. ગત વર્ષે આ રિપોર્ટમાં અમેરિકા બીજા સ્થાને હતુ જેને હવે ભારતે ત્રીજા સ્થાને ધકેલી દીધા છે.

કુશમેન એન્ડ વેકફીલ્ડ અનુસાર જાણ થાય છે કે મેન્યુફેક્ચરર્સ અમેરિકા અને એશિયા-પ્રશાંત ક્ષેત્રની સરખામણી ભારતમાં વધારે રૂચિ બતાવી રહ્યા છે. ભારત કાર્યરતની પરિસ્થિતિઓ અને ખર્ચ કાર્યક્ષમતાના કારણે ઉત્પાદન હબ તરીકે આકર્ષણુ વધાર્યુ છે. વાર્ષિક ધોરણે ભારતની રેંક્ગિંગમાં ઘણો સુધારો થયો છે. આત્મનિર્ભર અને પીઆઈએલ યોજનાએ પણ પોતાનો રંગ બતાવવાનું શરૂ કર્યું. ભારતને વિશ્વની ફેક્ટરી બનાવવા માટે આત્મનિર્ભર અને પીઆઈએલ યોજનાએ પણ તેના રંગો બતાવવાનું શરૂ કર્યું છે.

## ગુનાઈત ભૂતકાળવાળા સાંસદ પર પ્રતિબંધ અંગે સંસદ વિચારે

**હાઈકોર્ટો દ્વારા કેસો પર રોક લગાવાઈ છે તો તપાસ એજન્સી રોક હટાવવા માટે કેમ માગણી કરી રહી નથી : સુપ્રીમ**

નવી દિલ્હી, તા.૨૫

સાંસદો અને ધારાસભ્યો સામેના ગુનાહિત મામલાઓનો વહેલી તકે ઉકેલ લાવાની માંગણી પરની પિટિશન પરની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી છે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એન વી રમણાએ પેન્ડિંગ કેસને લઈને કહ્યુ હતુ કે, હાઈકોર્ટો દ્વારા મોટાભાગના મામલાઓ પર રોક લગાવીને રાખવામાં આવી છે તો તપાસ એજન્સીઓ કેમ આ રોક હટાવવા માટે માંગણી કરી રહી નથી. તેમણે કહ્યુ હતુ કે, સાંસદો અને ધારાસભ્યો સામેના પેન્ડિંગ કેસોમાં ૧૦ થી ૧૫ વર્ષ સુધી ચાર્જશીટ દાખલ નહીં કરવા માટે કોઈ કારણ નથી. માત્ર પ્રોપર્ટી એટેચ કરવાથી કશું નહી થાય. કેસો પેન્ડિંગ રાખવા માટે પણ કોઈ કારણ દેખાતુ નથી. કેન્દ્ર સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે, પેન્ડિંગ કેસની તપાસ પૂરી કરવા માટે સુપ્રીમ કોર્ટ તપાસ એજન્સીઓ માટે સમયની મર્યાદા નક્કી કરે.

જેના પર ચીફ જસ્ટિસે કહ્યુ હતુ કે, અમે પહેલા જ હાઈકોર્ટને એક સમિતિ બનાવવાનો આદેશ આપી ચુકયા છે. તપાસ એજન્સીઓ તપાસ પૂરી કરી શકે છે. દરમિયાન પિટિશન કરનાર વકીલ વિકાસ સિંહે કહ્યુ હતુ કે, જો કોઈનેતા ગંભીર અપરાધમાં દોષી કરાર થાય તો તેના પર ૬ વર્ષ માટે

● અનુસંધાન પાન-૭ પર

